Prabhat

EDII

March 8, 2024
Pg.1

# ઈડીઆઈઆઈએ ટેક ઈનોવેશન્સ પરની વાર્ષિક સ્ટાર્ટઅપ સમિટ એમ્પ્રેસારિયો ૨૦૨૪નો પ્રારંભ કર્યો

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)એ તેની વાર્ષિક સ્ટાર્ટઅપ સમિટ અને આંત્રપ્રિન્યોરશિપ ફેસ્ટિવલ એમ્પ્રેસારિયો ૨૦૨૪નો ગુરૂવારે પ્રારંભ કર્યો હતો. ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીના ટેક્નિકલ એજ્યુકેશનના કમિશનર આઈએએસ શ્રી બંછા નિધિ પાણીએ આ ઈવેન્ટનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે ચિરિપાલ ગ્રુપના ડિરેક્ટર શ્રી વિશાલ ચિરિપાલ અને ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડૉ. સુનીલ શુક્લા સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ બે દિવસના ફેસ્ટિવલ (૭-૮ માર્ચ, ૨૦૨૪)માં ઉદ્યોગ અગ્રણીઓ દ્વારા માસ્ટર ક્લાસીસ, સફળ સ્ટાર્ટઅપ સ્થાપકો દ્વારા વાર્તાલાપ, વર્કશોપ, ચર્ચાઓ, નેટવર્કિંગ સેશન્સ અને સ્ટાર્ટઅપ એવોર્ડ્સનો સમાવેશ થાય છે. આ સમિટમાં એગ્રીટેક અને હેલ્થટેક અંગેની પેનલ ડિસ્કશન્સ પણ સમાવિષ્ટ છે. બોટમ લાઈન એ, માઈઓશા, વીહિયર, સિમ્પલી સલાડ અને ટોર્ચ ઈટ જેવા શાર્ક ટેંકમાં ભાગ લેનાર સ્ટાર્ટઅપ્સના સ્પેશિયલ રાઉન્ડ ટેબલ પણ આ સમિટના ભાગરૂપે યોજાશે. એક બિગ પિચ ઈવેન્ટ યોજાશે જેમાં ૭૫ સ્ટાર્ટઅપ્સ ફંડ એકત્રિત કરવાના હેતુથી ઈન્વેસ્ટર્સની પેનલને તેમની પ્રોડક્ટ્સ તથા સર્વિસીઝ રજૂ કરશે.

પોતાના પ્રારંભિક વક્તવ્યમાં શ્રી બંછા નિધી પાણીએ જણાવ્યું હતું કે "ભારત એક મોટી ટેક ક્રાંતિના આરે આવીને ઊભું છે અને એઆઈ તેમાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.